R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1924...

સળંગ વર્ષ ૧૦૨મું

VOLUME : 06 • ISSUE : 10 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH MARCH 2026

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

**Pumps • Valves • Automation**



6D 0301 | 0045 | SIL 3 IEC 61508 | ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# યુદ્ધની આગ વચ્ચે વિશ્વ - શાંતિનો માર્ગ ક્યાં છે?

- CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150



આજના સમયમાં વિશ્વ ફરી એકવાર અશાંતિના ભયંકર ચક્રમાં ફસાતું જણાઈ રહ્યું છે. ઈરાન, અમેરિકા અને ઇઝરાઇલ વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ માત્ર ત્રણ દેશો પૂરતો સીમિત નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય બની ગયો છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં શરૂ થયેલા આ યુદ્ધમાં ભારે બોમ્બમારો, મિસાઈલ હુમલા અને વ્યૂહાત્મક નિશાનાઓ પર હુમલાઓ થયા છે, જેના કારણે હજારો લોકોના જીવ ગયા છે અને મધ્ય પૂર્વનું રાજકીય સંતુલન હચમચી ગયું છે.

આ યુદ્ધનો મૂળ મુદ્દો ઈરાનના પરમાણુ કાર્યક્રમ, તેની સૈન્ય શક્તિ અને પ્રદેશમાં તેની વધતી અસર સાથે જોડાયેલો છે. અમેરિકા અને ઇઝરાઇલ તેને પોતાના માટે જોખમ તરીકે જુએ છે, જ્યારે ઈરાન તેને પોતાની સુરક્ષા અને સ્વતંત્રતાનો પ્રશ્ન માને છે. આ તણાવ વર્ષોથી ચાલતો આવ્યો છે, પરંતુ હવે તે ખુલ્લા યુદ્ધમાં ફેરવાયો છે.

તાજેતરમાં થયેલા હુમલાઓમાં ઈરાનના ઉચ્ચ નેતાઓના મોત, મિસાઈલ હુમલાઓ અને ગલ્ફ દેશોમાં વધતી અસ્થિરતા દર્શાવે છે કે આ સંઘર્ષ હવે વધુ વિસ્તરી રહ્યો છે. હોર્મુઝના જળમાર્ગમાં અવરોધ સર્જાતા વૈશ્વિક તેલ પુરવઠા પર પણ ગંભીર અસર પડી છે, જેના કારણે વિશ્વભરમાં તેલના ભાવમાં તેજી જોવા મળી છે.

અમુક વૈશ્વિક રાજનેતાની મહત્વાકાંક્ષા, અહમ્ અને આડોડાઈને કારણે સમગ્ર માનવજાત યુદ્ધની ભયાનકતાનો ભોગ બની છે. અણુશસ્ત્રોના ઉપયોગની પણ સ્થિતિ ઉભી થાય એવી શક્યતા છે. WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) ની તાજેતરની મિટીંગમાં અણુ હુમલાના રેડિએશનથી બચવા માટેની તૈયારી વિશે વિચારણા થઈ છે. આ બધી બાબતો માનવજાત માટે ખૂબજ ગંભીર ખતરો છે.

આ પરિસ્થિતિ માત્ર રાજકીય કે સૈન્ય મુદ્દો નથી- તે માનવતાનો પ્રશ્ન છે. નિર્દોષ નાગરિકોની જીવહાનિ, ઘરોનો વિનાશ અને ભવિષ્ય અંગેની અનિશ્ચિતતા-આ બધું જ આપણને વિચારવા મજબૂર કરે છે કે શું યુદ્ધ કોઈ સમસ્યાનો અંતિમ ઉકેલ બની શકે?

ભારત જેવા દેશનો આ સંજોગોમાં સંતુલિત અને શાંતિપૂર્ણ અભિગમ જ જરૂરી છે. વસુધૈવ કુટુંબકમના સિદ્ધાંતને માનનારા આપણા માટે વિશ્વ એક પરિવાર છે, અને આ પરિવારમાં કોઈપણ જ્યાએ થયેલું દુઃખ આપણું જ દુઃખ છે.

KDO સમાજ માટે પણ આ પરિસ્થિતિ એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે. આપણે જ્યાં પણ હોઈએ, શાંતિ, સહઅસ્તિત્વ અને માનવતા જેવા મૂલ્યોને જાળવવા અને આગળ વધારવા જોઈએ. વિશ્વમાં વધતી હિંસા વચ્ચે સમાજની એકતા, સંસ્કાર અને નૈતિકતા વધુ મહત્વપૂર્ણ બની જાય છે.

આજની જરૂરિયાત યુદ્ધ નહીં, પરંતુ સંવાદ છે. શક્તિનું પ્રદર્શન નહીં, પરંતુ સમજદારીનું પ્રદર્શન છે. જો વિશ્વના નેતાઓ સમયસર સંયમ અને સંવાદનો માર્ગ અપનાવે, તો હજુ પણ પરિસ્થિતિને નિયંત્રિત કરી શકાય છે.

અંતમાં, આપણે સૌએ એક જ પ્રાર્થના કરવી જોઈએ, વિશ્વમાં શાંતિ સ્થાપિત થાય અને માનવતા વિજયી બને.

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના

ઍડ. શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતસી શાહ

શિલ્પાબેન અજાણી

જયંત વિશનજી છેડા

ઍડ. કેતન મધુકાંત લોડાયા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૬, અંક : ૧૦, તા. ૨૦-૦૩-૨૦૨૬**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

### કલર પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

### બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

વનિતા વિશ્વ

# આવું કંઈક કરીએ તો



- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com

લગ્નની સીઝન ચાલી રહી છે. જ્યાં જુઓ ત્યાં ઢોલ શરણાઈ વાગી રહ્યા છે. ઘેર - ઘેર આનંદોત્સવ છે. આજે પણ લગ્ન ત્રણથી પાંચ દિવસ ઉજવાઈ રહ્યા છે. જેમ કે માતાજીની ભાવના, મહેંદી, હલ્દી, સંગીત સંધ્યા, લગ્ન અને ત્યારબાદ રિસેપ્શન .

પરંતુ કંઈક વાતો આંખને ઉડીને વળગે છે અથવા કહો કે બદલાવ દેખાઈ રહ્યો છે.  બધા ફંકશનમાં  બધાનો સમાવેશ તો ન જ કરી શકાય એટલે કાંઈક એવો રસ્તો કાઢવો. માતાજીની ભાવના હોય કે ભલારાદાદા અથવા ધણીદાદાના પાઠ, એમાં આડોશી પાડોશી ગામવાળાને નિમંત્રણ આપી દે અને એ દિવસે એમને જમાડી દેવાનું એટલે એટલા લોકોનું આમંત્રણ પત્યું. હલ્દી અને મહેંદીમાં  હલ્દી જેવા પીળા અને મહેંદીના દિવસે લીલા કપડાં પહેરીને આવી શકે એવા લોકોને જ બોલાવવામાં આવે. એટલે એમ કહી શકીએ એકદમ નજીકના સગા અને ફ્રેન્ડ સર્કલની હાજરી હોય. ત્યારબાદ આવે સંગીત સંધ્યા, એમાં લગભગ ફ્રેન્ડસ અને કાકાઈ-બાપાઈ-માસી-મામાઈના જ ઘરના હોય. ત્યારબાદ લગ્નના દિવસે બહુ લિમિટમાં બોલાવવાના હોય એટલે વર કન્યાના મમ્મી-પપ્પાના કઝિન લોકોને, બધાને બોલાવવામાં આવે છે. જેમ વર કન્યાના મમ્મી-પપ્પા ૫૦-૫૫ પાર કરી ચૂક્યા હોય તો એમના  કઝિન પણ ૬૦ કે ૭૦ કદાચ એનાથી વધુ વયના પણ હોય .

લગ્નમાં બે-બે જણને એ પણ ખાસ કરીને બેન બનેવી અથવા ભાઈ ભાભીને બોલાવે, જે લોકો ફક્ત હાજરી આપીને શોભામાં અભિવૃદ્ધિ કરતા હોય છે. કેમકે એમને બીજું કંઈ કામ જ હોતું નથી. ફેરા વખતે ઢોલ વાગે, નાચતા-નાચતાં આગળ જાય તો એમાં કોણ હોય? ઘરના youngsters કે વર-કન્યાના ફ્રેન્ડ્સ. બાકી સિનિયર સિટીઝન તો બધા બેઠા -બેઠા એકબીજા સાથે વાતો કરતા હોય કે આમાં ફલાણાની વહુ કોણ? કે ઢીકડાનો જમાઈ કોણ? કેમ કે કોઈને ઓળખતા ન હોય. એ જોડીઓને પણ ફક્ત લગ્ન વખતે જોયા હોય. એકબીજાના ઘરે આવવાનો રિવાજ તો રહ્યો નથી. તો પછી ઓળખે કેમ? હસ્ત મેળાપ પત્યું ના પત્યું કે જમવા ચાલ્યા જવાનું. ચોથા ફેરાની પહેલા આવી જવાનું. ખીર વધાઈ આપીને નીકળી જવાનું. બસ પતી ગયું. ફરી ક્યારે કોઈ લગ્ન આવે તો આમ જ હાજરી આપવા જવાનું .

આપણે જાણીએ છીએ કે આજના મોંઘવારીના જમાનામાં આખા કુટુંબને એટલે કે પૂરા પરિવારને બોલાવવાનું પોસાય એમ નથી. કુટુંબ પરિવાર કરતા સ્નેહી-સ્વજન, મિત્ર પરિવારનો વ્યાપ બહોળો થઈ ગયો છે કોને બોલાવે અને કોને ન બોલાવે?

**આમાં થોડો બદલાવ કરીએ તો?**

લગ્નમાં સીનીયર સીટીઝનને બોલાવવા કરતાં એમના દીકરા વહુને બોલાવીએ તો? દીકરા વહુ જે જુવાનિયા છે એ લોકો લગ્નમાં ખાઈ પીને, નાચ-ગાન કરીને અથવા કમ સે કમ એક બીજાના કઝિનની ઓળખાણ કરીને એ સંબંધ આગળ વધારે તો? એમાંય ખાસ કરીને જોઈન્ટ ફેમિલી/ સંયુક્ત પરિવારમાં રહેવાવાળા દીકરા વહુનો તો ક્યારેય નંબર જ લાગતો નથી. પછી આપણા છોકરાઓ કોઈને ઓળખતા જ નથી. વર કન્યાના મા-બાપને એમના કઝિનને બોલાવવા જ હોય તો માતા બેસાડે એ દિવસે અથવા ભાવનામાં બોલાવી લેવા. જુવારના જમણ સિનિયર સિટીઝન હોંશે હોંશે ખાઈ લેશે અને બધાને નિરાંતે મળી લેશે. લગ્ન વખતે જુવાનિયાને બોલાવો તો એ લોકો એક બીજાની ઓળખાણ કરીને સંબંધ આગળ વધારી શકે. જુવાનિયા બધા એકબીજાને ઓળખતા થાય. નહીંતર આજે તો એવી હાલત છે કે આપણા કોઈ પરિચિત વ્યક્તિ

બાજુમાંથી પસાર થઈ જાય અને આપણા સંતાનો એકબીજા ને ઓળખતા પણ ન હોય.

બીજું આજકાલ ફરવા કે એક – બે દિવસની outing કરવા બધા લોકો જતાં જ હોય છે. તો દર એક નહીં તો બે વર્ષે પણ ફેમિલી ગેટ ટુ ગેધર રાખવું જોઈએ. એકવાર દાદાનાં પરિવાર તો એક વખત નાનાનાં પરિવાર સાથે એક બે દિવસનો મેળાવડો રાખીએ તો બધા એકબીજાના સંપર્કમાં આવશે અને આગળ આપણા સંતાનો આપણો ચીલો ચલાવશે.

આ મારા વિચારો છે. તમને કેવા લાગ્યા? તમારા શું વિચાર છે? લખીને અથવા what's app કરીને જણાવશો તો સારું લાગશે. જણાવશો ને?


---

## વડીલોનું વિશ્વ

# જવા દો અને શાંતિમાં જીવો

**તિલકચંદ કે. લોડાયા-ચેન્નઈ**

(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



જીવનના સંધ્યાકાળે પહોંચ્યા પછી એક અમૂલ્ય સત્ય વધુ સ્પષ્ટ બની જાય છે – હવે સમય સાબિત કરવાનો નથી, સમય શાંત રહેવાનો છે. વર્ષોની સફરમાં આપણે અનેક સંબંધો, ઘટનાઓ, વિજયો અને નિષ્ફળતાઓ જોઈ છે. ઘણી યાદો મધુર છે, કેટલીક કડવી પણ છે. પરંતુ પ્રશ્ન એ છે – શું એ કડવાશને આજે પણ મનમાં રાખવાની જરૂર છે?

કોઈ પણ વ્યક્તિ, કોઈ ઘટના કે કોઈ જૂનો અનુભવ તમારા મનમાં રહીને તમને અશાંત કરવાનો અધિકાર રાખતો નથી. અને સૌથી મહત્વની વાત – એ પરવાનગી આપવી કે નહીં, એ સંપૂર્ણપણે તમારા હાથમાં છે. વરિષ્ઠ નાગરિક તરીકે હવે અમારી સૌથી મોટી સંપત્તિ છે મનની શાંતિ. આ ઉંમરે સંપત્તિ, પ્રતિષ્ઠા કે પ્રતિભાવ કરતાં વધુ કિંમતી છે આંતરિક સ્થિરતા.

ઘટનાઓ કદાચ એકાદ વાર બને છે, પરંતુ આપણે તેને મનમાં વારંવાર જીવીને દુઃખને ગાઢ બનાવીએ છીએ. જેટલું વધુ વાગોળીએ, તેટલું તે દુઃખ મૂળ પકડી લે છે. હકીકતમાં, આપણે પોતાની શાંતિ કરતાં એ દુઃખને વધારે મહત્વ આપીએ છીએ. શું આ યોગ્ય છે?

જવા દો – આ બે શબ્દો વરિષ્ઠ જીવનનો મંત્ર બની શકે.

ભૌતિક રીતે નહીં, પરંતુ લાગણીના સ્તરે,

જે ખલેલ કરે, તેને હૃદયમાંથી વિદાય આપો.

તમારું અંતઃકરણ ફૂલોના ગુલદસ્તા જેવું બની શકે છે – સુગંધિત, સૌમ્ય અને સૌને આનંદ આપનાર. અથવા તો એસિડ ભરેલા વાસણ જેવું – જે અંતે પોતાને જ દઝાડે. રોષ, ધિક્કાર અને તિરસ્કાર કોઈને દંડ આપતા નથી; તે માત્ર રાખનારને જ બળતરા આપે છે. તે ઊંઘ હરામ કરે છે, આરોગ્ય પર અસર કરે છે અને મનની શાંતિ છીનવી લે છે.

લોકો તેમના અજ્ઞાન, અપરિપક્વતા અથવા પરિસ્થિતિઓના દબાણ હેઠળ વર્તે છે. દરેક વ્યક્તિ પોતાના સ્તરથી વિચારે છે. જો કોઈ ખોટું હોય, તો તેને તમારી બહાર રહેવા દો, તમારા અંતરમાં પ્રવેશ ન આપવા દો.

વરિષ્ઠ જીવન એ હળવાશનો સમય છે. હવે ભાર ઉતારવાનો સમય છે. દુઃખને પકડી રાખવું એ બિનજરૂરી સામાન સાથે યાત્રા કરવું જેવું છે. જેટલું છોડશો, તેટલું હળવા બનશો.

જ્યારે તમે દુઃખને જવા દો છો, ત્યારે શાંતિને આમંત્રણ આપો છો. અને શાંત વ્યક્તિ અત્યંત સુંદર હોય છે, કારણ કે તેની આંખોમાં સ્વીકાર હોય છે, વાણીમાં સૌમ્યતા હોય છે અને હૃદયમાં પ્રકાશ હોય છે.

આ ઉંમરે જીત એ નથી કે કોણ સાચું હતું?

આ ઉંમરે સાચી જીત એ છે કે તમે શાંતિમાં રહ્યા.

કારણ કે અંતે, જીવનનો સાચો વૈભવ સંપત્તિમાં નથી , પણ શાંતિપૂર્ણ હૃદયમાં છે.

# કચ્છમાં ધામધૂમથી ઉજવાયો આંતરરાષ્ટ્રીય મહિલા દિન



લેખક : સોમ ધરમશીં – મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



**આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે શ્રીમતી કુસુમબેન ખુશાલભાઈ ગાલાનું બહુમાન કરતા લતાબેન ધરમશી**

કચ્છમાં અમે કેટલીક વ્યવસાયિક બહેનોનું એક મંડળ છે અને અમે તેમા જુદા-જુદા પ્રકલ્પો હાથ ધરીએ છીએ.

અમે ઝુપડપટ્ટીના બાળકો માટે બાળ મંદિર ચલાવીએ છીએ. નિરાધાર બહેનોને ખાખરા બનાવતા ઉદ્યોગ ગૃહમાં નિરભર થવા કામ અપાવીએ છીએ.

અમારા મંડળની બહેનોને આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરી સમાજને એક સંદેશો આપવો હતો. જેથી બહેનોમાં ઉત્સાહ જાગે. આ સાથે એક ઉજવાયેલ પ્રસંગનો અહેવાલ...

કચ્છની માટીમાં એક અજબનું ખમીર છે, અહીં રણનાં સૂકા પર્વતો વચ્ચે પણ સર્જનનાં ફૂલ ખીલે છે. વર્ષોથી કચ્છની નારી તેના ઘરનાં ઉંબરામાં રહી ભરતગુંથણ, ખાખરા બનાવી અને અન્ય હુન્નર દ્વારા પરિવારનો સ્તંભ બની રહી છે. પરંતુ ૨૧મી સદીમાં સમય પાકી ગયો છે કે આ સ્ત્રી શક્તિ ઘરનાં ઉંબરાને ઓળંગી બજારની આર્થિક ક્ષિતિજ સૂધી પહોંચે અને કચ્છની સ્વાવલંબી નારીએ તેના શ્રી ગણેશ, કચ્છમાં આવેલ ધરતીકંપ પછી માંડ્યા છે.

આ ૨૧મી સદીમાં આપણી મહિલાઓ માત્ર ગૃહિણી તરીકે નહીં પણ વ્યવસાયિક નારી તરીકે ઉભરાઈ રહી છે. તેને પીઠબળ અહીંની સામાજિક સંસ્થાઓ જેમકે સૂર્જન, વી.આર.ટી.આઈ., કલારક્ષક ઈત્યાદિ પુરું પાડે છે.

આપણે મહિલાઓને માત્ર ગૃહિણી તરીકે જોવાની જન્મજાત ભૂલ કરીએ છીએ. પરંતુ સાચું પુછો તો દરેક સ્ત્રી જન્મજાત મેનેજર છે. તે મર્યાદિત સાધનોથી ઘર ચલાવતાં જાણે છે અને હવે તે જ આવડતને વ્યવસાયમાં પરિવર્તિત કરી ઘરેથી કેટરીંગ, બ્યુટીપાર્લર અને હસ્તકલાનાં માધ્યમથી વિદેશી મુદ્રા કમાવવામાં નિમિત્ત બને છે. સંદેશ સ્પષ્ટ છે કે જ્યારે એક સ્ત્રી આર્થિક રીતે સદ્ધર બને છે, ત્યારે આખો પરિવાર અને અંતે રાષ્ટ્ર સદ્ધર બને છે. આ સ્વાવલંબન જ સાચું સશક્તિકરણ છે.

કચ્છની નારી જ્યારે પ્રગતિની સવારી પર નીકળે છે ત્યારે રણ પણ માર્ગ આપે છે. આત્મનિર્ભરતાનો આ માર્ગ જ આવતી કાલનાં સમૃદ્ધ કચ્છની પાયાની ઈંટ છે.

મહિલા દિન નિમિત્તે કેટલાકની મુલાકાત લીધેલ તેમના ફક્ત ઉદ્‌ગારો અહીં નોંધ્યા છે.

"(૧) કચ્છની શિક્ષિત મહિલાઓ દેશનું ભવિષ્ય, (૨) નારી અદ્‌ભૂત અને મજબૂત શક્તિનું સ્વરૂપ, (૩) સરહદથી લઈ આકાશ સુધી મહિલાની ઉડાન..."

## કુસુમબેન ગાલાની મુલાકાત



"હું જન્મજાત વિકલાંગ હતી, મારા લગ્ન પણ એક વિકલાંગ ભાઈ સાથે એક સામાજિક સંસ્થા દ્વારા થયા. મારા પતિનું અવસાન થતાં મારા પિયર કચ્છમાં આવવાનું થયું પણ મારા માતા-પિતા અવસાન પામેલ હોવાથી જાકારો મળ્યો. હું હિંમત ના હારી અને બિદડાની એક સામાજિક સંસ્થા મારી વહારે આવી. મેં નાના પાયા પર કેટરીંગનો વ્યવસાય શરું કર્યો. સામાજિક સંસ્થાના હોલમાં ઘણા સામાજિક પ્રસંગો ઉજવાતા તેથી ત્યાં કેટરીંગનું કામ મને મળવા લાગ્યું. તે ઉપરાંત મને ગોળની ચિક્કી બનાવવાની આવડત હતી અને તેથી ઓક્ટોબર થી જાન્યુઆરી સુધી રોજની લગભગ ૫૦ કિલોથી ઉપર ચિક્કી બનાવતી. આજે હું સમાજના સહારે વિકલાંગ છું, પણ પગભર છું. સામાજિક સંસ્થાનાં મેનેજર સાથે મારી ઓળખાણ વધતા અને મને તેઓ યોગ્ય લાગતાં અમે ત્રણે જણા હું, મારા પતિ અને મારી બેબી સુખે સાથે રહીયે છીએ."

# આરોગ્ય વિશે સજાગ બનીએ




હાલમાં વિશા ઓસવાલ સમાજની પત્રિકામાં આવેલ એક નોંધ પર ધ્યાન ગયું. એમની દરરોજ આવતી ખબર પત્રિકામાં ‘‘મરણ નોંધ’’ માં તેઓ અવસાનનું કારણ પણ જણાવે છે. એના વિષે માહિતી મેળવતા જાણવા મળ્યું કે મૃત્યુનું કારણ જાણવાથી સમાજને આરોગ્ય બાબત જાણકારી મળે અને એના કારણે એ બાબતે સર્વે કરી શકાય કે માહિતીને એકત્ર કરીને સમાજમાં ફેલાતા કોઈ અસાધ્ય કે અન્ય રોગ વિષે જાણકારી મળી શકે અને એ બાબતે પગલાં લઈ શકાય.

આને વિસ્તૃતરૂપે વિચારીએ તો સમાજમાં આરોગ્યની જાગૃતતા માટે ખૂબ ઉપયોગી આ માહિતી થઈ શકે. દા. ત. હાલમાં ઘણા કેસોમાં અવસાનનું કારણ કેન્સર હોવાનું જાણવા મળે છે, તો કોઈ યુવાનના મોત પાછળ કાર્ડિયાક સ્ટ્રોક (હાર્ટ ફેઈલ) હોવાનું જાણવા મળે છે.

આવા કેસોમાં વધુ માહિતી ભેગી થાય તો અને મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ હોય તો આપણે એ બાબતે જાગૃત બનીને સજાગતા ફેલાવી શકીએ કે એને ગંભીર પરિસ્થિતિ બને એ પહેલા એનું નિવારણ કરી શકીએ. ફક્ત ‘‘પ્રભુને જે ગમ્યું તે ખરું’’ કહીને બેસવાથી નહીં ચાલે. આમ પણ આપણી નાતમાં મૃત્યુદર વધી રહેલ છે એ માટે ઘણા જ્ઞાતિજનોના લેખો આવતા રહે છે.

જે રીતે કોરોના બાબતે આપણને જાણકારી મળતા આપણે ઘણા પગલાં લીધેલ, એવી જ રીતે ખોટી ખાણીપીણીની પદ્ધતિઓ, ખોટા વ્યસનો, ખોટી ટ્રીટમેન્ટ (દેશી ઉપાયો) વગેરે બાબતે સચેત બનીને હાલમાં વધી રહેલ કેન્સર જેવા રોગનો સામનો સરખી, વખતસરની ટ્રીટમેન્ટ લઈને કરી જ શકીએ.

આપણા સમગ્ર ક.દ.ઓ. જૈન સમાજને ખાસ અપીલ છે કે આપણે સૌ આરોગ્ય બાબતે વધુ સજાગ બનીને નીચે જણાવેલ બાબતો પર ધ્યાન આપીએ.

૧) બહારનું ખાવાનું શક્ય હોય તેટલું ઓછું કરો.

૨) કોન્ટ્રાક્ટ સિસ્ટમ પર ચાલતી આપણી ભોજનશાળાઓ, કેન્ટીનો, લગ્ન, પ્રતિષ્ઠા જેવા પ્રસંગોમાં કેટરેર્સ ગમે તે કહે, ભેળસેળ થવાની જ.

૩) સૌથી વધુ વપરાતા અને સૌથી વધુ ખતરનાક પેકેજ્ડ ફૂડસ.

૪) બની શકે એટલા સાંજના વહેલા જમો.

૫) મહિનામાં એકાદ ઉપવાસ કરી શકાય તો ઉત્તમ.

૬) દારૂ, તમાકુ, ગુટખા, માવા અને પાનમસાલાથી દૂર રહો.

૭) ઘરમાં પણ તળેલું, મીઠાઈ, સાકર, ગોળનું પ્રમાણ બને તેટલું ઓછું કરો.

૮) નાની – મોટી કસરત, યોગ કે મેડિટેશનને દરરોજ માટે અપનાવો.

૯) બની શકે તો શહેરી જીવનથી દૂર થાવ. પ્રદૂષણ, સતત ઊડતી ધૂળ, ભેળસેળવાળા ખાવા–પીવાના પદાર્થોથી બચી જશો.

૧૦) પ્લાસ્ટિકની આઈટમો વાપરવાનું બને તેટલું ઓછું કરો, પ્લાસ્ટિકની વોટર બોટલ અને બીજા સાધનો ઉપરાંત પેપર કપ, પેપર ડીશ જેવી ચીજો પર પણ પ્લાસ્ટિકની પાતળી શીટ હોય છે.

ઉપરની બધી બાબતો અપનાવીને પણ તમે મોજથી જીવી શકશો. તમારૂં જીવન તમારા કરતાં તમારા કુટુંબ માટે વધુ જરૂરી છે એ સમજદારી આવવી જરૂરી છે.

આ બધી વાતો વાંચીને અપનાવો તો ઠીક નહીં તો પછી ‘‘જૈસી જિસકી સોચ !’’

**– નવીન પટેલ (વડોદરા)**

**નમ્ર નિવેદન :**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ–મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

## જીંદગીની અંતિમ પળોમાં પસ્તાવાનું ઝરણું




દરેક માનવી તેની જીંદગીમાં કશુંક સારું કરી જવાની ઈચ્છા ધરાવે છે. પરંતુ સંજોગોવસાત આપણે તે નથી કરી શકતા. અને તેથી તે ઈચ્છા મનમાં ઘૂંટાયા કરે છે. અને છેવટે તે પસ્તાવામાં પરિવર્તીત થાય છે. માનવી દીઠ તેનો અફસોસ પણ અલગ-અલગ પ્રકારનો હોઈ શકે. જે આપણે નીચેના ઉદાહરણોથી સમજીશું.

૧) બીજાનું વિચારવા જતાં આપણે અંગત જીવનમાં ઈચ્છા મુજબ ન જીવી શક્યા, બીજાઓ માટે જાત ઘસી નાખી અને અંતે મળ્યું શું? જશ તો ના મળ્યો... હા, જુતા જરૂર મળ્યા. જેનો કાયમ અફસોસ રહ્યો.

૨) શક્તિ હોવા છતાં જ્યાં ઉદારતા બતાવવાની હતી, ત્યાં મોડો પડ્યો. ફળ સ્વરૂપે સામેવાળાના ચહેરા પર ખુશી ન જોઈ શકવાનો પસ્તાવો આજે પણ છે.

૩) જીવનની અંતિમ ક્ષણોમાં પીડા ભોગવીને હું તો ચાલ્યો જઈશ, પણ તમાકુ, બીડી જેવા જીવલેણ વ્યસનો હું વારસામાં આપતો જાઉં છું, જેનો રંજ રહી ગયો.

૪) આખી જીંદગી વૈતરૂં કર્યું, જેથી પરિવાર સાથે બેસીને નિરાંતે વાતો પણ ન કરી શક્યો, સંતાનોને યોગ્ય કેળવણી ન આપી શક્યો, તેનો અફસોસ આજ સુધી છે.

આમ વિવિધ દૃષ્ટાંતો દ્વારા જ્ઞાની પુરૂષો એમ કહે છે કે, જીવનના અંતિમ ભાગમાં જે વિચાર કે વૃત્તિ હોય તે જ આગલા જન્મમાં મળે છે. એટલે કે જીવનની આખરી ક્ષણોમાં સત્સંગ કર્યો હોય, ધાર્મિક પ્રવૃત્તિઓમાં જોડાઈ ગયા હોઈએ તો આ સંસ્કારો પુનર્જન્મમાં મળતા હોય છે. આખરી ક્ષણોમાં મોહ, માયા, વેરઝેર વગેરેથી દૂર રહ્યાં હોઈએ તો આ ભવ સાથે, આવતો પણ સુધરી જાય છે.

ટૂંકમાં એમ કહી શકાય કે, જે કંઈ પણ સત્કાર્યો કરવા હોય તે કાલને બદલે આજે જ કરી લો. આ વિચારધારા જેટલી મજબૂત રીતે રોજબરોજના આપણા જીવનમાં વણાઈ જાય, તો આ જીવન પસ્તાવાના ઝરણાને બદલે સુખ, શાંતિ અને સંતોષરૂપી નદીઓ નિરંતર વહેતી રહે.

**- દિનેશ રતનશી શાહ-મોટી સિંધોડી (મલાડ)**

**મો.: ૯૨૨૧૦ ૪૭૨૪૬**

### નાની છોકરીનો નિબંધ

* દાદા-દાદી અને નાના-નાની એક સ્ત્રી અને એક પુરુષ હોય છે. જેમના પોતાના કોઈ નાના બાળકો ન હોય.
* તેઓ હંમેશા બીજાના બાળકોને પણ પસંદ કરે છે.
* તેઓ બહાર રહે છે જ્યારે તેઓ આવે છે ત્યારે આપણે તેમને લેવા જવું પડે છે અને પછી ફરી સ્ટેશન કે એરપોર્ટ પર છોડવા જવું પડે છે.
* તેઓ હંમેશા વૃદ્ધ લોકો હોય છે.
* તેઓ બહારનું બનાવેલું ખાવાનું પસંદ નથી કરતા.
* જ્યારે તેઓ આપણને સહેલ પર લઈ જાય છે, ત્યારે તેઓ હંમેશા ધીમે ધીમે ચાલે છે.
* તેઓ આપણી સાથે હંમેશા મહાપુરુષોની વાતો કરે છે.
* તેઓ કોઈને ખરાબ શબ્દો નથી બોલતા.
* સામાન્ય રીતે તેઓ સવારે ચા કે કોફી પીએ છે.
* તેઓ ચશ્મા પહેરે છે.
* તેઓ બ્રશ કરવા માટે પોતાના દાંત નીકાળી શકે છે.
* નાની અને દાદી હંમેશા મમ્મી કરતાં વધુ સ્વાદિષ્ટ ખાવાનું બનાવે છે.
* દાદા અને નાના આપણને એવી વાર્તાઓ સંભળાવે છે જે હેરી પોટર કરતાં પણ સારી હોય છે.
* દાદા-દાદી, નાના-નાની મમ્મી-પપ્પાની જેમ નથી લડતા.
* દરેક વ્યક્તિએ પ્રયત્ન કરવો જોઈએ કે તેમની પાસે દાદા-દાદી કે નાના-નાની હોય.
* તેઓ આપણી સાથે પ્રાર્થના કરે છે અને આપણને પ્રેમ કરે છે.
* દાદાજી અને નાનાજી દુનિયાના સૌથી સમજદાર માણસો હોય છે
* પણ તેઓ ભૂલકણા હોય છે. તેઓ પોતાનો ચશ્મા પણ રાખીને ભૂલી જાય છે!

**- મોકલનાર કુમાર બાબુભાઈ દંડ**
**તેરા(ભાંડુપ)**

# એક્શન-રિએક્શન અને રી-એક્શન




સમાજમાં આજે પણ બે વર્ગો જોવા મળે છે, જેમાં એક ફક્ત કામ કરવાની વાતો કરે છે અને બીજા એ કામ ને સમાજ સુધી કેમ પહોંચે એનો રસ્તો શોધે છે. એક વર્ગનું કહેવું છે કે, લખવું સહેલું છે પણ તેને અમલી કરવા માટેનું કાર્ય અઘરું છે. એટલે તમારા વિચારને સમાજની પ્રગતિ માટે એક્શનમાં લેવા પડે છે. ફક્ત યોજનાઓ ચોપડીના પાના ઉપર ના રહે પણ તેને યોગ્ય સમયે સમાજ સામે લાવવું પડશે અને એક્શનમાં લાવ્યા બાદ જ ખબર પડશે કે સમાજમાં આ યોજના સુધારો કરી શકશે કે આ યોજનામાં જ સુધારો કરવો જોઈએ.

આપણા સમાજમાં એવા લોકો છે જે પોતે કંઈ કરતા નથી અને અન્યને કંઈ કરવા દેતા નથી, તેવા સમયે યોજનાઓને જ્યારે એક્શનમાં લાવવી હોય ત્યારે જરૂરથી તેના ઉપર સારું કે ખરાબ રિએક્શન તો આવતું જ હોય છે. બધા લોકો આપણી વાત સાથે સહમત થશે એવું જરૂરી નથી. આપણને સમાજ માટે ગમતી પ્રવૃત્તિ કે યોજનાઓ બીજાઓને ગમે નહિં એ સ્વભાવિક છે, કે આપણે એમની જરૂરિયાત અને ઈચ્છા મુજબની સમાજલક્ષી યોજના લાવી શક્યા નહિ હોઈએ. અને સમાજમાંથી આવતા રિએક્શન ઉપરથી જ આપણને શીખવા મળશે કે જ્યારે એક્શન લાવશું તો જ ખબર પડશે કે આપણી યોજનાઓમાં શું ખામી છે અને સમાજને શેની જરૂરિયાત છે.

ક્યારેક આપણાથી અન્યના વિચાર સારા છે અને એ આપણથી આગળ વધી જશે એની ઈર્ષા ન કરી, આપણે સમાજ માટે શું સારું કે શું ખરાબ એ વિચારી જે યોજના અમલમાં મૂકી છે એનું એક્શનનું રિએક્શન આવ્યા બાદ જરૂરી સુધારા કરી સમાજના જરૂરિયાત મુજબ તેમને સગવડ થાય તેવી રીતે રી-એક્શન કરવું જોઈએ. સર્વપ્રથમ એક્શનમાં લાવ્યા બાદ અનુભવથી અને રિએક્શન આવ્યા બાદ કોઈની સલાહ સૂચનથી સમાજની પ્રગતિ થાય એ પ્રમાણે રી-એક્શન લેવું સહેલું બની જશે.

જેમને કોઈ વાતની ખબર નથી એ સલાહ આપે અને જેમની પાસે કંઈક કરી છૂટવાની ઈચ્છા અને દીર્ઘદ્રષ્ટિ છે એમને સાઈડ કરવામાં આવે ત્યારે, અગર તમને ખરેખર સમાજ માટે કંઈક કરવું જ છે તો કોઈની ટિપ્પણીને ગણકાર્યા વગર જો તમે એક સારા લીડર છો અને આધુનિક સમાજના સ્વપ્નદ્રષ્ટા છો તો સમાજ માટે યોજનાઓ ફક્ત મીટીંગોમાં જ બાળમરણ પામે કે વધુ પ્રોત્સાહન ના મળે ત્યારે નિરાશ થવાને બદલે આપ આગળ આવો અને સમાજની જરૂરિયાતને ધ્યાનમાં લઇ ભવિષ્યના સારા પરિણામ મળે તે માટે રી-એક્શન પ્લાન બનાવો, જે સમાજના વિકાસને નવી ઊંચાઈએ લઇ જશે.

**ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ)**

**મો.:૯૮૭૯૫૨૨૬૪૨**

**સોનલ આર્ટ**(થાણા) **શાંતિભાઈ : 99678 41792**

Sonal ART

બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે.

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪

## શું કહેવું?

તાલ વિનાના નર્તનને જો કહેવું તો શું કહેવું?
સૂર વિનાના ગાયનને જો કહેવું તો શું કહેવું?

અંધારી રાતોના ખોળે જેણે કૂદકો માર્યો,
ખરતાં પડતાં તારાંને જો કહેવું તો શું કહેવું?

વરસું વરસું થાતાં થાતાં શ્રાવણ વીતી ચાલ્યો,
છલકી પડતાં વાદળને જો કહેવું તો શું કહેવું?

મધદરિયે જો નાવ ડૂબે તો માણસ ડૂબે,
ખડખડ હસતાં મોજાંને જો કહેવું તો શું કહેવું?

ખરી પડેલાં પર્ણો ઉપર ખડખડ હસતી,
નવી ફૂટેલી કૂંપળને જો કહેવું તો શું કહેવું?


**- પ્રફુલ જોષી**

પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત
કૉફી ટેબલ બુક 'પ્રકાશ વિશેષ'માંથી ક.દ.ઓ.
વ્યક્તિ વિશેષોની લેખમાળાનો અઠ્ઠાવીસમો મણકો પ્રકાશિત છે.
આગામી દરેક અંકમાં ક્રમશઃ એક મણકો પ્રકાશિત થશે. - CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

# પ્રબોધ હીરાચંદ મુનવર

## સેવા જ શ્વાસ અને ઉચ્છ્વાસ

કચ્છ અને ગુજરાતમાં પરોપકારને એમની સાથે પ્રગાઢ સંબંધ છે. ભરયૌવનમાં એમણે સેવાને જીવન સમર્પિત કરી દીધું હતું. આજે એમના સહિત એમનાં જીવનસંગિની, દીકરા, પુત્રવધૂ સહિત આખો પરિવાર બીજાનાં આસુ લૂંછવા બનતું બધું કરી છૂટે છે



## વ્યક્તિત્વ

'સેવા પરમો ધર્મ' બોલવું અને જીવનમાં ઉતારવું બેઉમાં ફરક છે. આ શબ્દોને જીવન બનાવનારા જૂજ વિરલાઓમાં એક પ્રબોધભાઈ મુનવર છે. તેઓ પ્રબોધભાઈ કરતાં વધુ માનવજ્યોત તરીકે ઓળખાય છે. પ્રબોધભાઈ અનન્ય સેવાભાવી છે. પરદુ:ખે તેઓ વ્યથા અનુભવે છે. એમની કોઠાસૂઝ ભણેલા-ગણેલાને પાછળ મૂકી દે એવી છે. એમના જીવન પર દ્રષ્ટિ કરવા જેવી છે.

કચ્છ કોઠારામાં વસતાં કસ્તૂરબાઈ અને હીરાચંદભાઈના દીકરા પ્રબોધનો જન્મ ૧૯૫૯માં થયો. હીરાચંદભાઈ કપાસના ક્ષેત્રમાં નોકરી કરે. એમને ત્રણ દીકરા હરીશ, પ્રબોધ, ચંદ્રકાંત અને પાંચ દીકરીઓ, સુશીલા, શિલ્પા, ચંદન, ભારતી અને મનીષા. ભૂતકાળ વાગોળતાં પ્રબોધભાઈ કહે છે, ''પપ્પાની આવક સાધારણ હતી. ઘરમાં દસેક સભ્યો હતા. ટૂંકી આવકમાં ઘર માંડમાંડ નભતું. બાળપણમાં અમે ભાઈ-બહેનોએ મોજશોખ કરવા તો દૂર, એના વિશે વિચાર પણ ભાગ્યે જ કર્યા હશે.''

પ્રબોધભાઈ ગામની જી. ટી. હાઈસ્કૂલમાં, ન્યુ એસએસસી સુધી ભણ્યા. પછી, ૧૯૭૬માં બે વરસ મુંબઈમાં નોકરી કરી. સપનાના શહેરમાં જોકે પ્રબોધભાઈને બહુ રુચ્યું નહીં, ''મેં દાણાબંદર અને બાંદરામાં નોકરી કરી. છેવટે ૧૯૭૯માં પાછો કચ્છ જતો રહ્યો.'' કચ્છમાં તેમણે ભુજને કર્મભૂમિ બનાવી. ત્યાં સવાણી ટ્રાન્સપોર્ટમાં જોડાયા. નોકરીમાં એમને ફાવી ગયું. કોઠારા, મુંબઈ અને ભુજના પ્રારંભિક પ્રવાસ સાથે પ્રબોધભાઈના અંતરમનમાં સેવાપ્રવાસ શરૂ થઈ ગયો. પ્રબોધભાઈ કહે છે, "આમ તો હું આઠેક વરસનો હતો ત્યારથી કોઠારા જૈન મિત્ર મંડળ સાથે સંકળાયેલો હતો. એ મંડળે મારું સમાજસેવક અને વક્તા તરીકે ઘડતર કર્યું. કોઈકને મદદ કરીને મને અપાર ખુશી મળતી." ભુજ શહેરે એ ઘડતરને ખાતર પૂરું પાડ્યું. નોકરી કરતાં પ્રબોધભાઈએ ઉત્સ્ફુર્તપણે નિરાશ્રિતોની સેવા આદરી, "મારી આર્થિક સ્થિતિ બહુ સારી નહોતી. છતાં, નોકરીએથી રાતે ઘર જતાં બેઘર સાથે લોકોનો વ્યવહાર જોઈને મન દ્રવી ઊઠતું. શું કરું પ્રશ્નથતો. મારી ત્રેવડ મુજબ દસેક પૈસાના ગાંઠિયા લઈને હું બેઘરોને ખવડાવતો. ધીમેધીમે મહિને એકાદવાર એમને ભોજન કરાવતો થયો. પછી અન્યોને એવું કરવા સમજવવા માંડ્યો."

૧૯૮૨માં એમનાં પહેલાં લગ્ન થયાં પણ પત્નીનું અકાળે અવસાન થયું. પછી ૧૯૯૨માં કોઠારાનાં જયાબહેન સાથે લગ્ન થયાં. જયાબહેન પણ સેવાભાવી. આ લગ્ન પછી એમનાં બેઉનાં સંતાનો, દીપેશ, અજેશ, અમિતા અને જ્યોતિના હાજરીથી એમનું આંગણું ભર્યુંભાદર્યું હતું. વિધિએ પ્રબોધભાઈના હસ્તાક્ષરમાં નાનકડા પરિવાર સાથે બૃહદ પરિવાર પણ લખ્યો હતો. એ સર્જાવાનો હતો એમનાં સેવાકાર્યોથી.

માનસિક દિવ્યાંગોને ગાંઠિયા-ભોજન જમાડવાની પ્રવૃત્તિ કરતાં પ્રબોધભાઈ ભુજમાં સેવાનો ભેખ ધરાવતા સ્વજન તરીકે લોકોના ધ્યાનમાં આવી રહ્યા હતા. એમનાં કાર્યોની નોંધ મુંબઈમાં અને આપણી જ્ઞાતિમાં લેવાઈ રહી હતી. એ દિવસોની વાત કરતાં પ્રબોધભાઈને સનતભાઈ શાહનું સ્મરણ થાય છે, ''સનતભાઈ ઘણીવાર સેવાકીય પ્રવૃત્તિઓ માટે કચ્છ આવતા. મારું એમને મળવાનું થતું. અમારી વચ્ચે કલાકો ચર્ચા થતી. મને કચ્છ માટે કંઈક નક્કર કરવાની પ્રેરણા એમણે આપી. મારાં સેવાકાર્યોનો પાયો એ મુલાકાતોમાં નખાયો હતો.''

એવામાં પ્રબોધભાઈને મુંબઈના મુલુંડની સંસ્થા માનવજ્યોતની કચ્છ શાખા શરૂ કરવાનો પ્રસ્તાવ મળ્યો, ''માનવજ્યોત મુંબઈથી જે કપડાં-દવા વગેરે મોકલતી એનું કચ્છમાં વિતરણ કરવાનું કામ મારા શિરે હતું. સંસ્થાના કુલીનભાઈ લુઠિયા, વલ્લભજી શાહ, સુંદરજી શાહની નિઃસ્વાર્થ સેવાભાવનાથી હું પ્રભાવિત હતો. એમણે ૨૦૦૩માં ભુજમાં માનવજ્યોતની શાખા ખોલીને એનો ભાર મને સોંપ્યો.'' શાખા શરૂ થતાં પ્રબોધભાઈ સાથે ઘણા જોડાયા. કામકાજ માટે વાહનોની પણ વ્યવસ્થા થઈ.

એ સાથે વિસ્તર્યું પ્રબોધભાઈનું સેવાવિશ્વ.

એ વાતને હવે બે દાયકાથી વધુ સમય થયો. આજે માનવજ્યોત ગુજરાતની સેવાસંસ્થા છે. એનાં સેવાકાર્યોની યાદી અકલ્પનીય હદે લાંબી છે. બિનવારસ મૃતદેહની એના ધર્માનુસાર અંત્યેષ્ટિ કરાવવી, તરછોડાયેલાં નવજાત શિશુઓને બચાવવાં, રઝળતાં-ભૂલાં પડેલાં બાળકોને, ઘરકંકાસથી રિસાઈને ભુજ આવેલી બહેન-દીકરીઓ માનસિક અસ્થિરતામાં ઘરથી વિખુટા પડેલાને ઘર પહોંચાડવાં, કોઈ આપઘાત કરવા નીકળ્યાની ખબર પડે તો સમજાવટથી એનો જીવ બચાવવો, નિરાધાર વિધવા બહેનોને, દિવ્યાંગજનોને આવક રળવા સાધન પૂરાં પાડવાં, લગ્ન જેવા પ્રસંગોએ વધ્યા ભોજનને ભૂખ્યા સુધી પહોંચાડવું, એકલા રહેતા વડીલોને રોજેરોજ વિનામૂલ્યે સાત્વિક ભોજન ઘરે પહોંચાડવું... ઉપરાંત, અકસ્માત, કુદરતી આપત્તિમાં સેવા કરવી, નિરાધાર વડીલોને વરસે ત્રણ વખત જાત્રા કરાવવી, વિદ્યાર્થીઓમાં સેવાસંસ્કાર સિંચવા, વૃક્ષારોપણ કરવું, અબોલ જીવોને ભોજન-પાણી પૂરાં પાડવાં, પક્ષીઓ માટે પક્ષીઘર વિતરિત કરવાં, બાળમજૂરી રોકવા સાથે બાળમજૂરોને સાક્ષર કરવાં, જરૂરિયાતમંદોમાં કપડાં-ભોજનનું વિતરણ કરવું...

પ્રબોધભાઈનું એક સપનું આશ્રમ ખોલવાનું હતું. તેઓ કહે છે, ''મુંબઈથી કચ્છ ગયો ત્યારથી ઇચ્છા હતી કે એક આશ્રમ હોય જ્યાં માનસિક દિવ્યાંગોની સેવા થાય. આજે ભુજમાં શ્રી રામદેવ સેવાશ્રમરૂપે એ સપનું સાકાર થયું છે. એમાં માનસિક પડકારોનો સામનો કરનારાની સારવાર સાથે એમના નિર્વાહ અને એમને સ્વસ્થ કરી મુખ્ય પ્રવાહ સાથે જોડવાની કોશિશ થાય છે.'' શહેરના પાલારા મંદિર પાછળ આવેલો આશ્રમ સંપૂર્ણ સુવિધાસજ્જ છે. સંસ્થાનો ૪૦ રૂમનો અન્ય એક આશ્રમ, વડીલોનો વિસામોનું પણ બાંધકામ કામ જારી છે. એમાં પણ વડીલોને આધાર મળશે.

માનવજ્યોતનાં કાર્યોની સુવાસ એવી છે કે ના પૂછો વાત. સંસ્થાના ઉપક્રમે હવે ૪૯ સેવાકીય પ્રવૃત્તિઓ આખા કચ્છમાં ચાલે છે. સંસ્થા પાસે બારેક વાહનો છે. પ્રબોધભાઈ કહે છે, ''આશ્રમસ્થળે અમે ઘર ભૂલેલી વ્યક્તિનું પાંચ-દસ, અરે ૩૫ વરસે પણ પરિવાર સાથે પુનર્મિલન થતા જોયું છે. એ દ્રશ્ય આંખો ભીની કરનારું હોય છે. મને બસ એટલી ખુશી હોય કે અમે આપ્તજનોને એકમેકથી મેળવ્યા.'' ત્રાહિત વ્યક્તિને એના પરિવાર સાથે મેળવી આપ્યાની ખુશી પ્રબોધભાઈના સ્વરમાં રણકે છે. પરસુખે આવી ખુશી એમના સહિત આપણા જ્ઞાતિજન કુલિનકાંત લુઠિયાના સ્વરમાં પણ વર્તાય છે.

પ્રબોધભાઈને સમાજસેવામાં રચ્યાપચ્યા રહેવા જયાભાભીનો સબળ સાથ મળ્યો છે, "મારા સેવા સંસ્કાર મારી માને આભારી છે. એ પછી જયાએ મને સાથ આપ્યો તેથી હું લોકોને મદદરૂપ થઈ શકું છું." સિવાય, છેલ્લાં ૪૫ વરસથી તેઓ જ્યાં નોકરી કરે છે, અને આજે જેની ભુજ શાખામાં મેનેજરપદે છે, એવી કંપની સવાણીનો પણ એમને સાથ છે. ઘરમોરચે દીકરા દીપેશે પિતાની રાહ અપનાવીને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં કારકિર્દી ઘડી છે. માનવજ્યોતમાં એ પણ સંકળાયેલો છે. એના લગ્ન હર્ષા સાથે થયાં છે. યુગલને કર્મ અને કનિક નામે જોડિયાં બાળકો છે. દીકરા અજેશ દીક્ષા લઈને હવે શ્રી અર્હતોદયસાગરજી મ. સા. તરીકે જિનશાસનની સેવા કરે છે. દીકરીઓ અમિતા અને જ્યોતિ લગ્ન પછી સાસરે સુખી જીવન માણી રહી છે.

એમના બંધુ હરીશભાઈ અમદાવાદ છે. નાના બંધુ ચંદ્રકાંતભાઈ શિક્ષક હતા. ત્રણેક વરસ પહેલાં એમનું અવસાન થયું. એમની બહેનો સાસરે સુખી છે. પ્રબોધભાઈને લખવાનો શોખ છે. તેમણે કચ્છ અને કચ્છનાં જિનાલયો વિશે સ્તવનોનાં સવાએક ડઝન પુસ્તકો લખ્યાં છે. પરિવારથી વિખુટા પડેલાને મળાવ્યા પછી થયેલી લાગણીસભર અનુભૂતિઓને એમણે પુસ્તકોરૂપે લખી છે. કચ્છની તલસ્પર્શી માહિતી પૂરી પાડતી ડિરેક્ટરી પણ એમના લેખનકાર્યનું દ્રષ્ટાંત છે. રોજ રાતે અને વહેલી સવારે તેઓ અચૂક લેખન કરે. પ્રકાશ સમીક્ષા માટે તેઓ નિયમિતરૂપે કચ્છના સમાચાર-લેખ લખે છે. સાથે, સેવાનો ઉત્સાહ એવો કે રોજ ભુજની જનરલ હોસ્પિટલમાં તથા માનસિક આરોગ્યની હોસ્પિટલમાં બેએક ચક્કર મારે જ. ત્યાં કોઈ દરદીને મદદની જરૂર હોય તો મદદ કરે જ. એને જ તો કહેવાય, સેવા પરમો ધર્મ...

## વિચારસત્ત્વ

જેમનું જીવન પરદુઃખ નિવારવામાં વીતે એ

માણસના જીવનમાં સેવા સર્વવ્યાપી હોય. પ્રબોધભાઈ એવા જ છે, ''સેવા કરવા પણ પૈસા હોવા જોઈએ. મારી પાસે પૈસા નહોતા ત્યારે મેં એવી સેવા શરૂ કરી હતી જે મુદ્દા પર કોઈ લક્ષ આપતું નહોતું. રઝળતા જણને આપણે ગાંડો ગણીને અવગણીએ ત્યારે એની સ્થિતિ વિશે વિચારતા નથી. સહિષ્ણુતા દર્શાવતા નથી. આપણી મદદથી કોઈનું જીવન બદલાઈ શકે છે એ સત્ય આપણે સમજાતું નથી. સમાજમાં આવા મુદ્દે પરિવર્તન આવે તો ઘણું બદલાઈ જાય.''

અનેક વરસોથી આ પરિવર્તન લાવવા તેઓ ઝઝૂમી રહ્યા છે. પોતાના સંકલ્પમાં તેઓ ક્યારેય મોળા પડ્યા નથી. તેઓ કહે છે, ''સારું કામ ઉઠાવો તો પરમાત્મા પણ મદદ કરે. મને કરી છે. મેં નહોતાં ધાર્યાં એવા સુકૃત પરમાત્માએ મારી પાસે કરાવ્યાં છે. મને ખાતરી છે કે સારાને સારાનો સાથ અવશ્ય મળી રહે છે.''

નવી પેઢીએ પરોપકારના, ધર્મના માર્ગે સમય આપવો જોઈએ એવો એમનો મત છે, ''યુવાનોને સેવા કે ધર્મમાં રુચિ હોવી જોઈએ. ધાર્મિક પ્રસંગોમાં યુવાનોની પાંખી હાજરી ચિંતા દર્શાવે છે. દેરાસરે જવું, ગુરુ-ભગવંતોનાં આશિષ-માર્ગદર્શન મેળવવાં બહુ જરૂરી છે. આ બાબતો વ્યક્તિને સારા માર્ગે જવા પ્રેરે છે અને જીવનમાં સારું તો સૌને ગમે જ છેને?'' તેમના પોતાના ગુરુ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ. સા. હતા. અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી રત્નપ્રભસાગર સૂરિશ્વરજી મ. સા.ના તથા આચાર્ય ભગવંતો અને શ્રમણ-શ્રમણી વૃંદના તેઓને નિત્ય આશીર્વાદ મળતા રહ્યા છે, ''એમના માર્ગદર્શનથી હું અપાર લાભાન્વિત થયો છું. મને જે કાંઈ મળ્યું એમની કૃપાનું પરિણામ છે.''

## સેવાવિશ્વ

આપણે પ્રબોધભાઈના સેવાવિશ્વની ખાસ્સી ચર્ચા કરી જ છે. તેઓ આપણા કચ્છી દશા ઓશવાલ સમાજના ભુજના પ્રમુખ તરીકે પણ કાર્યરત છે. જયાભાભી સમાજના મહિલા મંડળનાં પ્રમુખપદે છે. સમાજને મદદરૂપ થવાને એમને પ્રેર્યા મુંબઈના દેવજીભાઈ પાલાણીએ. દેવજીભાઈ નિર્મલ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ ચલાવતા. વર્ધમાન નગરમાં ટ્રસ્ટ સંચાલિત વિદ્યાર્થીગૃહ તથા કન્યા છાત્રાલયમાં રહીને જ્ઞાતિના ૬૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભુજમાં કોલેજનું શિક્ષણ મેળવ્યું છે. સેવાક્ષેત્રે અનેક ઊંચાઈ આંબનારા પ્રબોધભાઈને ૧૦૮ રાષ્ટ્રીય, રાજ્ય સ્તરીય તથા સંસ્થાઓના વિવિધ એવોર્ડ્સ મળ્યા છે. નાનાંમોટાં ૧૧૧ માન-સન્માનપત્રો પણ મળ્યાં છે. કોરોનાકાળની નોંધનીય સેવા બદલ ગુજરાત સરકારે એમને કોરોના વોરિયર તરીકે પણ નવાજ્યા હતા. ગુજરાતનાં ત્રણ મુખ્ય પ્રધાનો આનંદીબહેન પટેલ, વિજયભાઈ રૂપાણી તથા ભુપેન્દ્રભાઈ પટેલા હસ્તે તેઓ સન્માનિત થયા છે. તેઓ કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સિનિયર પેરાલીગલ વોલન્ટિયર છે. તેમાં તેઓ ૧૬ વરસથી સેવા આપી રહ્યા છે. એ માટે એમને દિલ્હીમાં શ્રેષ્ઠ પેરાલીગલ વોલન્ટિયરનો એવોર્ડ પણ મળ્યો છે.

માનવજ્યોત સાથે પ્રબોધભાઈ ભુજની અને જ્ઞાતિની અન્ય સંસ્થાઓના માધ્યમથી પણ સમાજસેવા કરે છે. મુંબઈ સ્થિત શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ સાથે તેઓ વરસોથી સંકળાયેલા છે. સંસ્થાનાં કચ્છનાં સેવાકાર્યોમાં તેઓની અચૂક હાજરી હોય છે. સામાજિક કાર્યોમાં તેઓ સંચાલક તરીકે સેવા આપે છે. સેવાના વિવિધ રૂપનું બીજું નામ એટલે પ્રબોધ મુનવર.

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

પ્રકાશ સમીક્ષાના તેઓ વાચક ઉપરાંત વરસોથી યોગદાન આપતા લેખક છે. સામયિક વિશે વાત કરતાં તેઓ કહે છે. ''મને પૂછો તો કહીશ કે પ્રકાશ સમીક્ષાને ઘેરઘેર જ્ઞાતિજન સુધી પહોંચાડવાનું શ્રેય સનતભાઈ શાહને જાય છે. પ્રકાશ સમીક્ષા વરસોથી જ્ઞાતિસેવા કરે છે. સમાજનું સતત દિશાસૂચન કર્યું છે. સો વરસના સીમાચિહ્નને આંબી રહેલા આવા પ્રકાશન સાથે સંકળાયેલા હોવાનો મને અત્યંત આનંદ છે.''

માહિતીના પ્રસાર માટે સાધન નહોતાં ત્યારે પ્રકાશ સમીક્ષા હતું. એને વાંચીને સૌને ઝીણામાં ઝીણી માહિતી મળતી. બદલાયેલા સમયમાં સમાયિકની અગત્યતા એવી ને એવી છે એવું પ્રબોધભાઈ માને છે. તેઓ કહે છે, ''આપણે પ્રકાશ સમીક્ષાને ટકાવવાનું છે, સાથે સમય પ્રમાણે એનો વિકાસ થાય, એની વિશ્વસનિયતા ટકી રહે એ માટે સહિયારા કામ કરતા રહેવાનું છે.''

**સ્મૃતિ વિશેષ**

# આપણી જ્ઞાતિ ઈતિહાસનો કરુણ અધ્યાય : ૧૯૪૪નો ગોદી ધડાકો - ૧૦



સં. રમેશ મુલજી લોડાયા - ભરૂડીયા (મુલુંડ) મો. ૯૮૨૦૩૩૬૭૬૭

'ફોર્ટ સ્ટાઈકિન'માં વિસ્ફોટથી એલફિસ્ટન વિસ્તારમાં ૭૫-૮૦% અને માંડવી વિસ્તારમાં ૭૦-૭૫% મકાનો નાશ પામ્યા અથવા ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયા. આપણી વસ્તી મુંબઈમાં એ વખતે ૩૫૦૦ જેટલી હતી તેના ૮૦% માંડવી/ મસ્જિદ વિસ્તારમાં હતા એટલે લગભગ ૨૮૦૦ માણસોનો વસવાટ હતો. જેમાંથી ૪૦૦ થી વધુ પરિવારોના ૧૫૦૦થી વધુ ભાઈ-બહેનોનો વસવાટ તો જે મકાનો સદંતર નાશ પામ્યા તેમાં હતો. તે સિવાયના લોકોને પણ આંશિક નૂકશાન થયું. અન્ય છૂટાછવાયા મકાનોમાં પણ આપણાં ઘણા ઘરો બળી ગયા. આશરે ૫૦૦ પરિવારો મકાન વગરના થઈ ગયા. આખો વિસ્તાર પોલીસ અને મિલિટરીએ કોર્ડન કરી લીધો હતો છતાં આ અરાજકતામાં ચોરી અને લૂંટફાટ પણ થઈ. વિસ્ફોટનો કાટમાળ લગભગ ત્રણ હજાર ફૂટ ઊંચે ઉછળ્યો હોવાનું કહેવાય છે, જે વિનાશની તીવ્રતા બતાવે છે.

ભાત બજાર, દાણા બજાર, મસ્જિદ-માંડવી વિસ્તારમાં મુખ્યત્વે કચ્છી વાણિયા, ભાટિયા, લુહાણાં, ગુજરાતી, અને કાઠિયાવાડી સમુદાયો વસતા હતા. તેમની દુકાનો, ગોડાઉનો, ઘરો બળી જતા આર્થિક વ્યવસ્થા તૂટી પડી. ૬,૦૦૦થી વધુ દુકાનો બળી ગઈ જેમાં આપણી જ્ઞાતિની ઘણી દુકાનો અને ગોડાઉનો હતા અને તેમાં ઉઘરાણી, નામું, કારકુન કે ગુમાસ્તા તરીકે કામ કરતો મોટો વર્ગ જ્ઞાતિનો જ હતો તેઓ પણ બેકાર બન્યા. દૈનિક જીવન અનિશ્ચિત અને કઠિન બની ગયું. એ સમયે આગ સામે મિલ્કતોનો વીમો ઉતરાવવાની પ્રથા ખૂબ ઓછી હતી. એટલે મોટા ભાગના લોકોએ સર્વસ્વ ગુમાવ્યું.

આપણી જ્ઞાતિના કેટલાક શ્રીમંતોએ ભેગા મળી પીડિત પરિવારો માટે કામચલાઉ રહેઠાણો બાંધવા રૂા. ૧,૦૦,૦૦૦ના ફંડની જાહેરાત કરી હતી. તેમાં રૂા. ૧૫,૦૦૦ શેઠ શ્રી લાલજી રામજી તથા રૂા. ૧૫,૦૦૦ શેઠ શ્રી વાલજી લધાભાઈ ખોના તરફથી જાહેર થયા હતા. ઉપરાંત મે. હીરજી નેણસી, હીરજી ભારમલ, માણેકજી વેલજી ખોના, ઝવેરચંદ પદમસી, હીરાચંદ હીરજી ખેતસી, શામજી કરમસી પાંચારીયા તથા અરજણ ખીમજીની કું. તરફથી દરેકને રૂા. ૧૦,૦૦૦ આપવાની જાહેરાત કરી હતી. ઘર બનાવવા માટે જરૂરી સામાન મેળવવા સરકાર તરફથી રીલીઝ ઓર્ડર પણ મળ્યો હતો, છતાં આગળ કોઈ કામગીરી થઈ શકી નહીં. શ્રીમંતોની દલીલ હતી કે એકંદરે ભેગી થયેલી રકમથી માત્ર આશરે ૩૦ જેટલા તારાજ થયેલા કુટુંબોને જ રહેઠાણ આપી શકાય અને જ્યારે અન્ય અસહાય કુટુંબોની સંખ્યા ઘણી વધારે છે ત્યારે સૌને લાભ આપી શકાશે નહીં. આ કારણસર આખી યોજના પડતી મૂકવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો. પરંતુ ઘણા લોકોનું માનવું હતું કે જો રકમ ઓછી લાગતી હોય તો તે વધારવાની કોશિશ થવી જોઈએ હતી, કારણ કે જ્ઞાતિમાં ઘણા સમૃદ્ધ લોકો હતા અને તેમની મદદથી વધુ ફાળો મળી શક્યો હોત. ઓછામાં ઓછું આ એકત્રિત રકમ પીડિતોને રૂમની પાઘડી, મકાનના ડિપોઝિટ કે ઘરવખરી માટેની મદદ તરીકે આપવામાં આવી શકી હોત.

આ દરમિયાન બીજી એક માંગણી પણ ઉઠી હતી. સને ૧૯૩૬માં સેવક સમાજ દ્વારા મુંબઈ બોર્ડિંગને ભેટમાં મળેલું એક મકાન હતું. ટ્રસ્ટીઓને તે મકાન વિદ્યાર્થીઓના રહેઠાણ માટે યોગ્ય ન લાગતાં બોર્ડિંગને મહાજનવાડી ખાતે પાછી ખસેડી આ મકાન વેંચી નાખવાનો વિચાર કરવામાં આવતો હતો. તે સમયે આ મકાનની બજાર કિંમત આશરે રૂા. ૭૫,૦૦૦ જેટલી હતી. તેથી કેટલાક લોકોનું સૂચન હતું

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

કે રાહત ફંડમાંથી આ મકાન ખરીદી લેવામાં આવે અને બચેલી આશરે રૂ. ૨૫,૦૦૦ રકમ મરામત માટે ખર્ચવામાં આવે, જેથી ઓછામાં ઓછા ૩૦ પરિવારોને રહેવાની સગવડ મળી શકે. પરંતુ આ પ્રસ્તાવ પર પણ કોઈ નિર્ણય લેવાયો નહીં.

પરિણામે ૨૦૦થી વધુ પરિવારો લાંબા સમય સુધી ઘરવિહોણા રહ્યા. યુદ્ધના સમયગાળામાં વેપારીઓએ, જેમાં આપણી જ્ઞાતિના કેટલાક શ્રીમંતો પણ હતા, મોટા પ્રમાણમાં કમાણી કરી હતી, છતાં જરૂરી ઉદારતા દેખાડવામાં આવી નહીં. શરૂઆતમાં રૂા. ૧,૦૦,૦૦૦ ફંડ આપવાના વચનો આપવામાં આવ્યા, પરંતુ આગળ જઈ તે પણ પાછા ખેંચી લેવામાં આવ્યા.

આ બાબતે 'પ્રકાશ' દ્વારા પણ આ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે જો રકમ ઓછી લાગતી હોય તો તેને વધારી કેમ ન શકાય? યુદ્ધકાળમાં લાખો રૂપિયાની કમાણી કરનારાઓ માટે વધારાનો ફાળો આપવો મુશ્કેલ નહોતો. જ્ઞાતિના ઘણા શ્રીમંતો સહેલાઈથી રૂા. ૫૦,૦૦૦ થી રૂા. ૧,૦૦,૦૦૦ જેટલો વધારાનો ફાળો આપી શક્યા હોત. આ ફંડનો ઉપયોગ પીડિતોને સીધી મદદ આપવા માટે પણ થઈ શક્યો હોત – જેમ કે ઘરવખરી વસાવવા, વકીલોની ફી ભરવા, ભાડાના મકાન માટે ડિપોઝિટ આપવા અથવા નૂકશાની ક્લેમ પાસ કરાવવા માટેના ખર્ચમાં મદદરૂપ થવા. ધડાકામાં સર્વનાશ પામેલા પરિવારોને થોડોક સહારો મળ્યો હોત તો તેમની મુશ્કેલીઓમાં ચોક્કસ ઘટાડો થઈ શક્યો હોત.

આપણાં જ્ઞાતિની આગેવાન સંસ્થાઓ આગળ આવવામાં ઉણી ઉતરી. મુંબઈ મહાજને હોનારતથી ઉપસ્થિત પરિસ્થિતિ અંગે વિચારણા કરવા તા.૭.૫.૧૯૪૪ના સભા બોલાવી તેમાં અસરગ્રસ્તો માટે દિલસોજી વ્યક્ત કરાઈ, મહાજનવાડીના ટ્રસ્ટીઓને વધુ લોકોને સગવડ કરી આપવાની વિનંતી કરાઈ, ૯ ભાઈઓએ એક લાખનું ફંડ જાહેર કર્યું તે બદલ તેમજ એક વકીલ તરફથી ફીમાં નુકશાની અંગે દાવા અરજી કરી આપવા અને વસૂલ કરી આપવાની સેવા આપવા બદલ તેમજ ખંડવા તથા પારોલા સંઘ તરફથી હોનારતમાં અસર પામેલ જ્ઞાતિજનોને રહેવાની સગવડ આપવા બદલ ઠરાવ કરાયો. રાહત અંગેની કેટલીક સૂચનાઓ કરવામાં આવી જેમાં રાહત ફંડ તથા નિરાધારોને મફત વતન જવાની સગવડને લગતી સૂચના અપાઈ પરંતુ કોઈ નક્કર પગલાં ન લેવાયા.

'પ્રકાશ' નોંધે છે કે એ સમયે અનંતનાથ ટ્રસ્ટ પાસે ૨૧ લાખ, બોર્ડિંગ પાસે બે લાખ, પાઠશાળા પાસે દોઢ લાખ જેટલી રકમો હતી પણ કોઈને મકાનો બાંધવાનું ન સૂઝયું જેમાં ચાર ટકાથી વધુ વળતર મળતું હતું પણ તેઓએ સાડા ત્રણ ટકાની સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવું યોગ્ય માન્યું. સામાજિક સંસ્થાઓને 'પ્રકાશ' વારંવાર અપીલ કરતું રહ્યું.

'પ્રકાશ'ના નવેમ્બર ૧૯૪૪ નાં અંકમાં તંત્રી લેખમાં હોનારતમાં ભોગ બનેલાઓની વેદનાને વાચા આપતો 'હું ઈચ્છું છું કે બીજો ધડાકો થાય' એવો કટાક્ષમય લેખ છપાયો. કારણ 'પ્રકાશ'નું માનવું હતું કે ધડાકાથી માનવજાત ઉપર આવી પડેલી ખાના ખરાબીથી આપણાં લોકોની આંખ ઉઘડે. જ્ઞાતિમાં જડ ઘાલી બેઠેલી કુસંપની લાગણી, દ્વેષ, વેર, અવ્યવસ્થા, હુંપદ, મનસ્વી વર્તન દૂર થાય અને સહાયની લાગણી જન્મે. પણ એવું ન થયું. જ્ઞાતિમાં અરાજકતા, શ્રીમંતોનો સત્તા અને સંપત્તિનો મદ ન હટ્યો. તેથી લેખમાં ઈચ્છા વ્યક્ત કરાઈ કે બીજો ધડાકો થાય જેમાં વેરઝેર બળી જાય, કુસંપ, અવિશ્વાસ, આગેવાનો અને શ્રીમંતોના ધૃણાજનક આચરણો દૂર થાય. એ વિનાશમાંથી માનવતાની સુમધુર ભાવનાઓ જાગે અને સમાજના અભ્યુદયની શાશ્વત ઈમારત ચણાય. (આ કટાક્ષમય લેખ પરથી એ વખતના સમાજના આગેવાનોનું અને શ્રીમંતોનું કેવું વલણ રહ્યું તે જોઇ શકાય છે) અંગત રીતે થોડા શ્રીમંતોનો સહયોગ જરૂર મળ્યો જેનો ઉલ્લેખ અગાઉ થઈ ગયો છે.

સરકારે સ્મોલ કોઝ કોર્ટમાં ૩૧ ઑક્ટોબર ૧૯૪૪ સુધી દાવા દાખલ કરવાની જાહેરાત કરી, પછી તારીખ ૩૧

ડિસેમ્બર ૧૯૪૪ સુધી લંબાવી. ધડાકાથી થયેલ નુકસાનના ક્લેમને નોંધ કરી આપવા તથા ક્લેમ વસૂલ કરાવી આપવા જ્ઞાતિના એક વકીલે મફત સેવા આપવાની જાહેરાત કરી જેને મહાજને નોંધ લઇ બિરદાવી પરંતુ પાછળથી કલેમ પાસ થતા કલેમના પ્રમાણમાં ફીની સારી રકમ વસુલ કરાઈ. એક કેસમાં તો રૂ. ૨૬૦૦ના ક્લેમમાંથી રૂ. ૪૫૦ વસૂલ કરાયા. મામલો કોર્ટમાં ગયો અને આખરે ન્યાયાધીશની સમજાવટથી થોડી રકમ પાછી આપી પતાવટ થઈ. એક તો નૂકશાનની સરખામણીએ બહુ ઓછી રકમના કલેમ પાસ થયા, બીજી બાજુ ખરીદવાની ઘરવખરીના ભાવ છ થી આઠ ગણા થઈ ગયા. એવા સંજોગોમાં દાઝ્યા ઉપર ડામ સમાન મોટી ફી વસુલ કરવામાં આવી. મહાજને જ્ઞાતિજનોને મદદ કરવાની વાત કહેલ પણ વચનો અદશ્ય થઈ ગયા. મહાજન કે શ્રેષ્ઠીઓ પોતાના ખર્ચે વકીલ રોકી જ્ઞાતિજનોને કલેમ પાસ કરાવી આપવા પણ આગળ ન આવ્યા. અન્ય લોકો ૧૦ હજારનો કલેમ રૂ. ૩૦ ના ખર્ચે મેળવી શક્યા ત્યાં આપણા જ્ઞાતિજનોને ૨૦૦૦ ના ક્લેમનાં રૂ. ૫૦ થી ૧૦૦ લાગ્યા. મકાન બાંધવા જાહેર કરેલ રૂ. એક લાખના ફંડમાંથી આ કાર્ય થઈ શક્યું હોત.

બીજા વિશ્વયુદ્ધની લડાઈને લીધે ખૂબ જ મોંઘવારી, જગ્યાની તંગી અને ઉંચી પાઘડીને લીધે કુટુંબને મુંબઈમાં રાખવું પરવડે તેમ ન હતું. નોકરિયાત અને મધ્મવર્ગીય માટે મકાન મેળવવું મુશ્કેલ તેથી પરિવારોને દેશમાં મુકી આવ્યા. ઓરડી ખાલી થાય તો તે મેળવવા પડાપડી થવા માંડી. પાઘડીની રકમના ચડાવા થવા મંડ્યા અને ૧૦૦ ને બદલે ૧૫૦૦ એ પહોંચી. આપણાં ઘણા શ્રેષ્ઠીઓ પાસે ભાડે આપવા જગ્યાઓ હતી પણ જ્ઞાતિદાઝ બતાવવાને બદલે પાઘડીની વધુ રકમ આપનાર અન્યને ભાડે આપવા મંડ્યા. ખાસ કરીને મધ્યમવર્ગ સૌથી વધુ પીડાયો. મોંઘવારી અચાનક વધી ગઈ, ઘરવખરીના ભાવ ૬-૮ ગણા થઈ ગયા, ભાડાના મકાન મળવા મુશ્કેલ, પાઘડીની રકમ અને ભાડા વધી ગયા, પગાર રૂ. ૬૦ થી ૧૦૦ જેટલો, જ્યારે માસિક ખર્ચ લગભગ ૨૦૦ રૂપિયા. ૧૫-૨૦% પગાર તો ભાડામાં જ ચાલ્યો જતો. પરિણામે લોકોને દાગીના વેચવા અને લોનો લેવા મંડ્યા. કેટલાક પરિવારો મુંબઈ છોડી કચ્છ, હાલાર કે દેશાવર તરફ ભાગ્યા કે પોતાનો પરિવાર મોકલાવી એકલા રહ્યા. બેકારીમાં કેટલાક યુવાનો જુગારને રસ્તે ચાલ્યા ગયા. એક વખત આ બદીથી દૂર રહેવાનો ઉપદેશ આપતા હતા તેઓ પણ આ બદીઓની જાળમાં સપડાઈ ગયા. નોકરિયાત વર્ગને પૂરતો પગાર મળતો ન હતો. બેકારોને કામ મળતું ન હતું. શ્રીમંતોના ધંધા ઓછા થયા તો અન્યત્ર મૂડી લગાડી હુન્નર ઉદ્યોગ કે કારખાના કરી જ્ઞાતિના બેકારોને ઉદ્યમે લગાડવાની કોઈ તૈયારી બતાવી નહિં. વેપારીઓ પાસે મૂડી હોવા છતાં તેમણે જ્ઞાતિ માટે નવા ઉદ્યોગ કે રોજગાર ઊભા કર્યા નહીં. વળી ધડાકા પછીના સમયમાં રૂના ધંધા પર નિયંત્રણ આવતા ઘણા વધુ લોકો બેકાર બન્યા.

પ્રકાશના મુખ્ય સંચાલક લક્ષ્મીચંદ વિરજી લાપસિયાએ રજૂઆત કરી કે સારું કમાયેલા શેઠશ્રી વાલજી લધભાઈએ પોતાની પેઢીમાં કામ કરતા જ્ઞાતિજનોને આપેલી વધારાની રકમનું અને અન્ય સહાયનું અનુકરણ કરવાની, ધનનો સદુપયોગ કરવાની અપીલ તથા લાખોના ફંડો મરણ પછાવાડે કરે છે અને તેના વ્યવસ્થાપકો/ ટ્રસ્ટીઓ ધીમે ધીમે કોતરી આખું ફંડ સીધી યા આડકતરી રીતે ઓહિયા કરી જાય છે, એ કરતા પોતાની હયાતીમાં પોતાના શુભ હસ્તે વાપરવાનો અનુપમ લહાવો છે એવી ટકોર કરી. પ્રકાશ આ બનાવ વખતે વખતોવખત અંગુલિનિર્દેશ કરતું રહ્યું. મુંબઈ મહાજને ૭ મહિના પછી પણ કોઈ નક્કર કાર્ય કર્યું નહીં તેવી નોંધ જોવા મળે છે.

ધડાકા પછી આપણી જ્ઞાતિનો એકસાથે રહેલો સમૂહ વિખેરાઈ ગયો. લગભગ ૪૦૦ પરિવારો, એટલે કે અંદાજે ૧,૫૦૦ જ્ઞાતિજનોના મકાનો સંપૂર્ણ નાશ પામતા ઘરબાર વિનાના થઈ ગયા અને તે સિવાય બીજા ૧૦૦ જેટલા ઘરો અન્ય બિલ્ડીંગોમાં આગ લાગવાથી ઘરબાર વિનાના થઈ

ગયા. કેટલાક લોકો પોતાના નુકસાનના દાવા પણ દાખલ કરી શક્યા નહીં. લગભગ ૧૦૦ પરિવારોએ પોતાની વ્યવસ્થા કરી લીધી તેમજ પરામાં વસી ગયા. લગભગ ૧૦૦ પરિવારો પતરાની ચાલમાં ખૂબ ઊંચું ભાડું ભરીને રહ્યા. ઘણાં પરિવારો અંહી તંહી ભટકતા રહ્યા. બે વર્ષ પછી આર્થર રોડ પર શાંતિનગર વસ્યું – અહીં આપણી જ્ઞાતિના ૬૦ કુટુંબો વસ્યા, ત્રીજા વર્ષે વડાલા પાસે આઝાદ નગર ઉભું થયું જેમાં આપણાં ૫૦ જેટલા કુટુંબો વસ્યા. પછી એલફિસ્ટન પર ચાલો બંધાઈ, પરંતુ ત્યાં એક પણ જ્ઞાતિજન વસ્યો નહીં. લગભગ ૧૦૦ પરિવારો જગ્યા વિના કચ્છ, હાલાર કે દેશાવર ચાલ્યા ગયા. સંયુક્ત કુટુંબ પ્રણાલી તૂટી ગઈ, અલગ અલગ વિસ્તારમાં વસ્યા જેના કારણે સામાજિક એકતા અને પરંપરાગત સહકાર ઘટી ગયો. આપણાં દેરાસરમાં પ્રવૃતિઓમાં ઓટ આવી. ઘણા પરિવારોએ કચ્છ, હાલાર, ખંડવા, પારોલા કે અન્ય ગામોમાં જવું પડ્યું.

હોનારત પછી આપણું દેરાસર ૮ દિવસ માટે અપૂજ રહી જવાને કારણે દોષ નિવારણાર્થે અષ્ટોતરી બૃહદ શાંતિ સ્નાત્ર મહોત્સવ તા.૩.૧૦.૧૯૪૪ થી તા. ૯.૧૦.૧૯૪૪ સુધી ઉજવાયો. આંગી, ભાવના, વિવિધ પૂજનો, સ્નાત્ર પૂજા વિગેરે કાર્યક્રમ રાખવામાં આવેલ. અનેક લોકો દર્શન કરવા આવતા. તા. ૯ના જલયાત્રાનો બાદશાહી વરઘોડો નીકળેલ. બૃહદ શાંતિ સ્નાત્ર ધામધૂમથી ઉજવાયો જેમાં સારું દ્રવ્ય વપરાયું પણ જેમના માટે ઉજવવામાં આવેલ તે ભાઈઓ તરફ દુર્લક્ષ્ય સેવાયું!!!

આપણું અનંતનાથ દેરાસર સાવ સહીસલામત બચી ગયા અને તેના પ્રભાવે પાછળની ઘી બજાર વગેરે બચી ગયા. તે ચમત્કાર જોઈને તે વખતના વાઈસરોય લોર્ડ વેવેલ સાહેબ દિલ્હીથી મુંબઈ આવી આપણાં દેરાસરમાં આવીને પ્રભુજીની સામે ટોપી ઉતારીને નમસ્કાર કર્યા અને બોલ્યા 'તમારા ભગવાન ખરા છે. બંદરમાં ભયંકર નૂકશાન થયું છે પરંતુ અનંતનાથ દેરાસર સલામત છે'

દામજી જેઠાભાઇ લોડાયા, શ્રી શામજી હેમરાજ દૌલત, શામજીભાઇ પાંચારીયા તથા શ્રી ચાંપસી લધાભાઈ લોડાયાની વગથી માંડવી વિસ્તારની સલામતી અને બંદોબસ્ત જળવાઈ રહ્યો. એમની વગથી અનંતનાથ દેરાસર ઉપર સતત પાણીનો મારો ચલાવ્યો જેથી જિનાલય બચી ગયું. લોકોની શ્રદ્ધા એ રહી કે દાદાની કૃપાથી દેરાસર અને ઉપાશ્રય બચી ગયા પણ દામજીભાઈ, શામજીભાઇ અને ચાંપસીભાઈની વગ દ્વારા સતત પાણીનો મારો પણ એક કારણ હોઈ શકે છે.

ધડાકાથી પ્રાથમિક શાળા વિભાગ જે બરાખ હાઉસમાં હતો તે સદંતર બળી જતા આખો વિભાગ મહાજનવાડી સ્થિત સ્કૂલમાં ખસેડાયો. અનંત ભુવન 'બી' બ્લોક બળી જતા કન્યાશાળાની બાલિકાઓને પણ મહાજનવાડી સ્થિત સ્કૂલમાં આમેજ કરાઈ. ૧૨.૬.૧૯૪૪ના પાઠશાળા ઉઘડી. મુલત્વી રહેલ પરીક્ષાઓ ૧૫ જુનના લેવાઈ. શિક્ષકો નીમવાની મુશ્કેલી. રહી. શ્રી માણેકજી વેલજી ખોનાના પ્રયાસથી પાઠશાળાની નવી કમિટી નિમાઈ. પ્રમુખ શેઠ માણેકજી વેલજી ખોના, મંત્રી શેઠ ઝવેરચંદ પદમસી લોડાયા જેમણે પાઠશાળા શરૂ કરવામાં પણ આર્થિક સહયોગ આપ્યો. અન્ય સભ્યો શ્રી પદમસી દામજી ખોના, શ્રી ગોવિંદજી આણંદજી મૈશેરી, શ્રી દામજી જેઠાભાઇ લોડાયા હતા. ધડાકા બાદ બોર્ડિંગના વિધ્યાર્થીઓ પોતાના મા-બાપને ત્યાં ગયા. નવા છાત્રો પાસેથી નવી અરજીઓ નવા શૈક્ષણિક વર્ષ માટે મંગાવાઈ. બે વર્ષ પાઠશાળાને વ્યવસ્થિત કરવામાં લાગ્યા પણ ૧૯૪૬ જૂનમાં કોમી હુલ્લડ ફાટી નીકળતા પાઠશાળા ઉપાશ્રયમાં ખસેડવામાં આવી. બે શીફ્ટમાં શાળા ચાલુ કરાઈ.

આ ધડાકાએ જ્ઞાતિનું સામાજિક માળખું બદલી નાખ્યું. સંયુક્ત કુટુંબો તૂટી ગયા, સામાજિક પ્રવૃત્તિઓમાં ઘટાડો થયો, મધ્યમ વર્ગ ગરીબીમાં ધકેલાયો અને શ્રીમંતો વધુ સ્વકેન્દ્રી બન્યા. જે વિસ્તાર એક સમયે જ્ઞાતિનું જીવંત કેન્દ્ર હતો, તે વિખેરાઈ ગયો. તેથી આ ઘટનાને આજે પણ ઘણા લોકો કાળીયો દિવસ તરીકે યાદ કરે છે. (ક્રમશઃ)

આરોગ્ય પ્રકાશ

# રસોડાની આરોગ્યદાયી ચીજો -૩



- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), M : 8369077978

**મરી :** કાળા મરી-એન્ટીઓક્સિડન્ટ અને એન્ટીમાઈક્રોબાયલથી ભરપૂર, દાંત, સાંધાના દુઃખાવા અને પેઢાના સોજામાં ઉપયોગી. શુદ્ધ દેશી ઘી અને સહેજ મરીનો ભૂક્કો દૂધમાં ભેળવી પીવાથી આંતરડામાં જમા થયેલ મળ બહાર નીકળે છે. ગેસની તકલીફ માટે રામબાણ ઈલાજ, ત્રિકટુમાં સૂંઠ, મરી અને લીંડીપીપર ત્રણેનું મિશ્રણ હોય છે. રોજ નિયમિત બે મરી ખાવાથી ઘણા ફાયદા મળી રહે છે.

**સફેદ મરી :** સફેદ મરીમાં વિટામીન એ, સી અને પોટેશ્યમ, મેગ્નેશ્યમ, કેલશ્યમ, ઝીંક, ખનીજો, પ્રોટીન, ફાઈબર અને ફ્લેબેનોઈડ હોય છે. શરદી, ઉધરસ, ગેસ, અપચો, પેટના ઈન્ફેક્શનમાં ફાયદો કરે, હૃદય, બ્લડપ્રેશર, ડાયાબીટીસ, સાંધાના દુઃખાવા, સોજામાં ફાયદો કરે. પ્રમાણસર આ મરીનો ઉપયોગ કરવો. વધુ ઉપયોગથી ત્વચા પર જલન થઈ શકે.

**લીલા ધાણા :** ઠંડા અને તૂરા હોવાથી પિત્તનું સમન કરે, કફનો નાશ કરે, ઝાડા મટાડે. ઝાડા, હરસ-મસાની તકલીફમાં છાસ સાથે ધાણા અને જીરુંના પાવડરને મેળવી લેવું. આમવાતમાં અન્ય ઈલાજ સાથે નિયમિત ૧-૧ ચમચી સવાર-સાંજ ધાણા ચાવી લેવા કે તેનો પાવડર બનાવી ફાકી લેવો. ૧૦૦ ગ્રામ જીરું+ ૧૦૦ ગ્રામ ધાણાના પાવડરને ભેગું કરી અડધી-અડધી ચમચી સવાર-સાંજ પાણી સાથે લેવાથી શરીરના ઘણા રોગ દૂર થાય.

